# Vivekanand Academy, Gandhinagar
# Sector - 22
# Day to Day Current Affairs

- **1st March, 2015**

**૧) કેન્દ્રીય બજેટ – 2015 - 16 :–**

- **નાણા પ્રધાન :–** અરૂણ જેટલી
- સર્વિસ ટેકસ 12.36 % થી વધારીને 14 % થયો
- 2015 – 16 માં 3.9 % અને 2016 - 17 માં 3.5 % નાણાકીય ખાદ્યનો લક્ષ્યાંક
- 2015 – 16 માં 2.8 % મહેસુલી ખાદ્યનું લક્ષ્ય
- એક કરોડથી વધુ આવક ધરાવતા લોકો પાસેથી બે ટકા સરચાર્જ વસુલાશે.
- 'મનરેગા' માટેની ફાળવણીમાં રૂા. 5000/- કરોડનો વધારો.
- નિર્ભયા ફંડ માટેની ફાળવણીમાં રૂ. 1000/- કરોડનો વધારો.
- 150 દેશો માટે 'વિઝા ઓન અરાઈવલ' વિસ્તારાશે.
- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ 50 લાખ શૌચાલયો બંધાશે. 6 કરોડ શૌચાલયોનો લક્ષ્યાંક
- સરંક્ષણ ક્ષેત્ર માટે 2.46 લાખ કરોડ રૂપિયાની બજેટ ફાળવણી
- આરોગ્ય ક્ષેત્ર માટે 331.5 અબજ રૂપિયાની બજેટ ફાળવણી
- ''પીએમ સુરક્ષા વીમા યોજના'' હેઠળ મહિને 1 રૂપિયાના પ્રીમિયમે બે લાખનો વીમો
- 60 વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકો માટે 'અટલ પેન્શન યોજના' જેમાં અડધું યોગદાન સરકાર આપશે.
- 'સુકન્યા સમૃદ્ધી યોજના'માં અશદાન ટેકસ ફ્રી
- બજેટમાં બાળવિકાસ સ્કીમ માટે રૂ. 1500 કરોડની જોગવાઈ
- 'નઈ મંજિલ યોજના' માટે બજેટમાં 3738 કરોડ રૂપિયાની જોગવાઈ
- 'દિનદયાલ ઉપાધ્યાય કૌશલ યોજના' માટે રૂ. 1500 કરોડની ફાળવણી કરાઈ છે
- સ્વરોજગાર માટે 'સેતુ'ની રચનાનો પ્રસ્તાવ, આ માટે રૂ. 1000 કરોડની ફાળવણી
- દેશના 25 હેરિટેજને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની યોજનામાં ગુજરાતના પાટણ ખાતેની રાણકી વાવનો સમાવેશ કરાયો છે

**૨) માર્ટિન ક્રો :–** ન્યુઝિલેન્ડ ક્રિકેટર

- મહાન બેટસમેન માર્ટિન ક્રોને ક્રિકેટમાં પોતાના યોગદાન બદલ આઈસીસી હોલ ઓફ ફેમમાં સામેલ કરવામાં આવ્યા.
- હોલ ઓફ ફેમમાં સામેલ થનારા ક્રો ન્યુઝિલેન્ડના ત્રીજા અને કુલ ૭૯ માં ખેલાડી છે.

Vivekanand Academy, Gandhinagar

- **$2^{nd}$ March, 2015**

**૧) મુફતી મોહંમદ સઈદ :–**

– મુફતી મોહંમદ સઈદે જમ્મુ – કશ્મિરના સીએમ પદે શપથ લીધા.

– **પક્ષ :–** પીડીપી

– રાજયપાલે મુફતીના ૨૫ પ્રધાનોને પણ શપથ લેવડાવ્યા.

**૨) " મોદીસ મેન : ધ રાઈઝ એન્ડ રાઈઝ ઓફ અમિત શાહ " :–**

– ભાજપના અધ્યક્ષ અમિતશાહના જીવન પર પુસ્તક.

– **લેખક :–** પત્રકાર પૂર્ણિમા જોશી

– આ પુસ્તકને પેંગ્વિન પ્રકાશન પ્રકાશિત કરી રહયું છે.

**૩) દુબઈ ઓપન :– ટેનિસ**

– **પુરૂષ સિંગલ્સ :–**

  – **વિજેતા :–** રોજર ફેડરર (સ્વિત્ઝર્લેન્ડ)

  – **હરિફ :–** નોવાક જોકોવિચ (સર્બિયા)

  – આ સાથે ફેડરર દુબઈ ઓપનમાં સાતમી વખત ચેમ્પિયન.

– **પુરૂષ ડબલ્સ :–**

  – ભારતના રોહન બોપન્ના અને કેનેડાના ડેનિયલ નેસ્ટરની જોડીએ દુબઈ ઓપન ચેમ્પિયનશીપમાં પુરૂષ ડબલ્સનું ટાઈટલ જીત્યું

  – **હરીફ :–** એસામ ઉલ હક કુરેશી (પાકિસ્તાન) અને જેનાદ ઝિમોન્ઝિક (સર્બિયા)

- **$3^{rd}$ March, 2015**

**૧) જગમોહન દાલમિયા :–**

– દાલમિયા બીસીસીઆઈ ના પ્રમુખ તરીકે બીજી વાર ચૂંટાયા.

– દાલમિયા દસ વર્ષ અગાઉ ભારતીય ક્રિકેટ બોર્ડના પ્રમુખ હતા. આમ તેઓ બીજી વખત આ હોદો સંભાળશે.

– **સેક્રેટરી :–** અનુરાગ ઠાકુર

**૨) વિશ્વના ધનકુબેરોની ફોર્બ્સની યાદી :–**

– ફોર્બ્સ મેગેઝિનની 2015 ની વૈશ્વિક ધનિકોની યાદીમાં મુકેશ અંબાણી સતત આઠમાં વર્ષે સૌથી ધનિક ભારતીય.

– વૈશ્વિક યાદીમાં બિલ ગેટસ પ્રથમ

– ભારતના અગ્રણી ધનિકો :–

1) મુકેશ અંબાણી (ક્રમ – 39) 2) દિલીપ સંઘવી (ક્રમ – 44) 3) અઝીમ પ્રેમજી (ક્રમ – 48)

Vivekanand Academy, Gandhinagar